# પોલીસ વિદ્યાર્થી મિત્ર બને તો.......!

પોલીસને સાચી કે ગુપ્ત માહિતી સમાજમાંથી સરળતાથી મળી રહે તે માટે કયારેક પોલીસમિત્ર તરીકે કેટલીક વ્યક્તિની મદદ લે છે. આમ થતાં પોલીસનું કાર્ય સરળ બને છે તેમજ પોલીસને સાચી માહિતી પણ મળે છે. જેનો બીજો ફાયદો એ પણ થાય છે કે એક આમનાગરિક અને પોલીસ બંને એકબીજા સાથે લાગણીના સંબંધથી પણ જોડાય છે.

સમાજમાંથી ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવું હોય તો જે તે સમાજના દરેક નાગરિકને પોતાના સમાજના કાયદા માટે પૂરેપૂરું માન અને સન્માન હોવા જોઈએ. આ માટે બાળપણથી જ બાળકોના દિલ-દિમાગમાં યોગ્ય સંસ્કાર રેડવા જોઈએ. આ ઉપરાંત સમાજ માટે રક્ષણનું કામ કરતાં અને કાયદાનું પાલન કરાવતાં તમામ વ્યક્તિઓ માટે પણ સમાજના દરેક વ્યકિંતને માન હોવું જોઈએ, તેટલું જ નહીં નાગરિકે તેમના આદર માટેની ચાદર ઓઢેલી હશે તો સોનામાં સુગંધ ભળશે. આ માટેના પ્રયત્નો સમાજ તરફથી થાય તો તેની સફળતાનો આંક ઊંચે જશે. પણ આ માટે પોલીસ તરફથી પણ પ્રયત્ન થાય તો તે પોલીસખાતા અને સમાજ એમ બંને માટે સારી બાબત ગણાશે.આ માટે પોલીસે ઈરાદાપૂર્વકના ચોક્કસ દિશાના સામાજિકરાહે પ્રયત્ન કરવા જોઈએ. ટૂંકમાં પોલીસે શાળામાં જઈ વિદ્યાર્થીઓની એપેક્ષા જાણવી અને પોતાની અપેક્ષાઓ સમજાવવી જોઈએ. ઉપરાંત શાળાએ પણ પોલીસને વિવિધ કાર્યક્રમમાં આમંત્રવા જોઈએ.

કોઈ નાગરિક જેમ પોલીસમિત્ર હોય છે તેમ પોલીસ માટે વિદ્યાર્થીમિત્ર કેમ ન હોઈ શકે! પોલીસ શાળામાં અવારનવાર અનુકૂળતાએ જાય, વિદ્યાર્થીઓ વચ્ચે બેસે, તેમની સાથે ચર્ચા કરે, વાતો-હસી મજાક કરે. આમ કરતાં વિદ્યાર્થીઓના મનમાં પોલીસ માટે રહેલો ભય દૂર થશે. આજે સમાજનો સામાન્ય માનવી પોલીસ સ્ટશનથી દૂર ભાગે છે. કેમ? પોલીસ સોસાયટી કે ગામમાં આવે તો પણ ગભરાય છે. કેમ? પોલીસ માટેની નાગરિકના મનમાં રહેલી આ ગ્રંથી દૂર કરવામાં જ પોલીસ અને સમાજની ભલાઈ છે. પોલીસને ક્યારેક સમાજ તરફથી મળતા ઓછા સહકારનું કારણ પોલીસ માટેની પેલી ગ્રંથી જ છે. આ ગ્રંથી દૂર કરવા માટે પોલીસે ઈરાદા પૂર્ઙકના પ્રયત્નો કરવા પડશે, સાથે સમાજે પણ પોતાની ફરજ બજાવવી પડશે. જે માટે બાળકો આદર્શ માદ્ધ્યમ ગણાય. બાળકોના મનમાં સંક્સાર રેડવા પડશે. તો તેના મીઠા પળ આપણને અવશ્ય મળશે જ. આજનો વિદ્યાર્થી પણ આવતી કાલનો નાગરિક છે. તેના મનમાં પોલીસ માટે આદર ઊભો થશે. પોલીસ અને વિદ્યાર્થીઓ મળતાં હશે તો વિદ્યાર્થીઓને એ વાતનો અહેસાસ થશે કે પોલીસ કેટલી મુશ્કેલીઓ-મર્યાદાઓ વચ્ચે પોતાની ફરજ બજાવે છે? જેથી વિદ્યાર્થીઓના મનમાં આપોઆપ પોલીસ માટે આદર ઊભો થશે. સમાજમાં પોલીસ માટે

રહેલી ખોટી માન્યતાઓ દૂર થશે, પોલીસ પ્રત્યેનો ખોટો ડર-ભય-માન્યતા નાબૂદ થશે. આમ વિદ્યાર્થીઓ પોલીસની મુશ્કેલીઓ જાણશે, સમજશે અને બિરદાવશે. પછી આ વિદ્યાર્થી ક્યારેક કોઇ કાયદાનો ભંગ કરવાનું વિચારશે નહીં. અરે, માત્ર વિદ્યાર્થી જ કેમ ! વિદ્યાર્થી તેના પપ્પાને પણ કાયદાનો ભંગ કરતાં રોકશે. આજનો સામાન્ય ગણાતો સમાજ આવતી કાલનો કાયદાકીય સ્વચ્છ સમાજ બની રહેશે.

**રસ્તા પરથી શાળાએ જતાં વિદ્યાર્થીઓને ચાર રસ્તા પર ઊભેલા પોલીસ માથું હલાવીને કે વિદ્યાર્થીની સામે જોઇને હસીને આદર આપે, વળી સામા પક્ષે વિદ્યાર્થી પણ પોલીસને હસીને કે સલામ મારીને આદર આપીને પસાર થાય તો......**! આ દૃશ્ય કોને જોવું ન ગમે! માત્ર દૃશ્ય જ નહીં. પણ આ વાતાવરણની અસર આપણને આવતાં વર્ષોમાં ગુનાખોરી વગરના સ્વચ્છ સમાજની આગાહી કરે છે. આમ કરતાં ભવિષ્યનો સમાજ શિસ્તભર્યો હશે. ટ્રાફિક અંગેની શિસ્ત આવશે. લોકોમાં નિયમપાલન અંગે જાગૃતતા આવશે, કુદરતી આફત વખતે સમાજમાંથી સરળતાથી સહકાર મળશે. ટૂંકમાં સમાજમાંથી ગૂન્હાનું પ્રમાણ ઘટશે. આજનો વિદ્યાર્થી આજથી જ માનતો થઇ શકશે કે, “પોલીસ દમન માટે નહીં, પણ મદદ માટે છે.“ વિદ્યાર્થીઓ પણ પોલીસમિત્ર બનીને પોલીસને સહકાર આપશે. સમાજના અનિષ્ટોની જાણ વિના સંકોચ કે ભય વગર પોલીસને જણાવશે.

આ માટે દરેક જિલ્લાના પોલીસ વડાએ અથવા તો પ્રયોગાત્મક ધોરણે એકાદ બે જિલ્લામાં પોતાની હદમાં આવેલ તમામ પોલીસ સ્ટેશનમાં સૂચના આપવી જોઇએ કે, દરેક પી.એસ.આઇ. કે પી.આઇ. કક્ષાના પોલીસે દર મહીને એક વખત પોતાના વિસ્તારની શાળામાં જઇને વિદ્યાર્થીઓ સાથે સરળતાભર્યો એકાદ કલાક વિતાવવો જોઇએ. પોલીસે જઇને કોઇ લેક્ચર આપવાના નથી, પણ વિદ્યાર્થીની વચ્ચે બેસીને ખુશખુશાલ વાતાવરણમાં ચર્ચાઓ કરવાની છે. વિદ્યાર્થીને પણ લાગવું જોઇએ કે પોલીસ એટલે આપણા માટેના આપણા જ મિત્રો. કે જે ટાઢ, તડકો, વરસાદ વેઠીને સમાજનું રક્ષણ કરે  છે. તેમને પણ અમારા જેવા બાળકો છે, તેમને પણ તેમનું કુટુંબ છે, તેમની પણ દરરોજ સાંજે તેમના ઘેર રાહ જોવાતી હોય છે. આ બધી બાબતો દ્વારા વિદ્યાર્થીઓના મનમાં પોલીસ માટે ચોક્કસ પ્રકારનો લાગણીભર્યો આદર ઊભો થશે.

આમ સમાજમાં પોલીસ વિદ્યાર્થીમિત્ર તરીકે બહાર આવશે તો રસ્તે જતાં વિદ્યાર્થીઓ પણ પોલીસ સાથે વાત કરતાં અચકાશે નહીં, જેની ચર્ચા તેમનાં ઘરમાં પણ થવાની જ છે. જેની સીધી અસર વિદ્યાર્થીઓના વાલી પર પણ થશે. પરિણામ સ્વરૂપ વાલીઓના વર્તનમાં પણ પરિવર્તન આવશે. જે અંતે તો સમજ માટે બધી જ રીતે ફાયદાકારક જ છે. ટુંકમાં પોલીસ વિદ્યાર્થીમિત્ર બને તે માટે પોલીસખાતા દ્વારા ચોક્કસ દિશામાં પ્રયત્ન કરવા જોઇએ. આશા

રાખીએ કે ગુજરાત સરકાર આ અંગે કશુંક વિચારશે અથવા તો ગુજરાતના કોઇ બે-ચાર જિલ્લાના પોલીસવડા આ અંગે કશુંક વિચારશે જ.